ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૯/૧૯-૨૦/3265 તારીખ : 20 AUG 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી અશોકભાઈ જેઠાભાઈ ભાદાણી,
મુ.શેખ પીપરીયા, તા.લાઠી,
જી.અમરેલી.

કેસ નં.૪૯/૧૯-૨૦

**વિષય : ઘરવપરાશના વીજભારમાંથી વાણીજય હેતુ વીજવપરાશ બાબત ખોટું પુરવણી બીલ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૩.૦૭.૨૦૧૯ અત્રેની કચેરીને મળ્યા તા.૩૦/૦૭/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૯/૧૯-૨૦/૩૦૦૧ તા.૦૧/૦૮/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૪/૦૮/૨૦૧૯ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી-૧.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **લાઠી.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર –૪૯/૧૯–૨૦** ☜

વાદી :– શ્રી અશોકભાઈ જેઠાભાઈ ભાદાણી

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૪.૦૮.૨૦૧૯** ◈

હાજર રહયા :– શ્રી અશોકભાઈ જેઠાભાઈ ભાદાણી – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી કે. આર. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી અશોકભાઈ જેઠાભાઈ ભાદાણી, મુ.શેખ પીપરીયા, તા.લાઠી, જી.અમરેલીની ઘરવપરાશના વીજભારમાંથી વાણીજય હેતુ વીજવપરાશ બાબતં ખોટું પુરવણી બીલ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૯/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/૪૯/૧૯–૨૦/૩૦૦૧ તા.૦૧.૦૮.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૪.૦૮.૨૦૧૯ ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી અશોકભાઈ જેઠાભાઈ ભાદાણી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે. આર. પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોશ્રી અશોકભાઈ જેઠાભાઈ ભાદાણી – શેખપીપરીયા મુકામે નાગજીભાઈ મનજીભાઈ ગ્રાહક નં.૮૩૩૫૫/૦૦૩૮૭/૫ તથા ડાયાભાઈ નાગજીભાઈ ગ્રાહક નં.૮૩૩૫૫/૦૦૨૮૧/૦ નામે ઘરવપરાશ – RGPR – RGP(Rural) ટેરીફ હેઠળના વીજમીટર ધરાવીએ છીએ તથા સમયસર હંમેશા આપવામાં આવ્યા મુજબનું વીજબીલ ભરપાઈ કરીએ છીએ.

૧.૨ અમોને લાઠી પીજીવીસીએલ કચેરી તરફથી તદન ખોટી રીતે ઉપરોક્ત બંને કનેકશનો માટે ઘરવપરાશના વીજભારમાંથી વાણિજય હેતુ વિજવપરાશ અંગેના પુરવણી બીલ નાગજીભાઈ મનજીભાઈ માટે રૂા.૩૫,૮૫૪/૮૮ અને ડાયાભાઈ નાગજીભાઈ માટે રૂા.૪૩,૭૯[illegible] [illegible]માં આવેલ છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L Bhavnagar.

..૨..

૧.૩ સાહેબશ્રી અમોને મળેલ માહિતી મુજબ ૧ મે ૨૦૧૯ ના ટેરીફ પાર્ટ–૧–૨.૪ અનુસાર જો ઘરવપરાશની મિલ્કતમાં અમુક ભાગનો કોમર્શિયલ હેતુસર વીજવપરાશ થતો હોય અને ઘરવપરાશનું બીલીંગ RGPR – RGP(Rural) ટેરીફ હેઠળ થતું હોય તો ઉપરોક્ત બીલ આપવાપાત્ર થતું નથી.

૧.૪ આથી અમારા ઉપરોક્ત બંને પુરવણી–વિજબીલ રદ કરવા યોગ્ય કરશો.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદારશ્રી અશોકભાઈ જેઠાભાઈ ભાદાણી, રહે. ગામ : શેખ પીપરીયા, તા.લાઠી, જી.અમરેલી કે જેઓ નાગજીભાઈ મનજીભાઈ ગ્રાહક નં.૮૩૩૫૫/૦૦૩૮૭/૫ અને ડાયાભાઈ નાગજીભાઈ ગ્રાહક નં.૮૩૩૫૫/૦૦૨૮૧/૦ ના નામે ઘરવપરાશના વીજ કનેકશન RGPR હેતુનું ધરાવે છે, જે સત્ય છે.

૨.૨ સદર બંને વીજ કનેકશનનો ની વીજ તપાસણી ફરીયાદના આધારે તા.૨૫.૦૬.૧૯ ના રોજ કરવામાં આવેલ અને સ્થળ પર ચેકીગ શીટ નં.૨૨૯૫૪૦ અને ૨૨૯૫૩૯ થી કરવામાં આવેલ. જેના અનુસંધાને લાઠી પેટા વિભાગીય કચેરી દવારા પત્ર નં.૪૧૮૨ તા.૨૫.૦૬.૧૯ અને ૪૧૮૩ તા.૨૫.૦૬.૧૯ થી ગ્રાહકને ૧૨૬ કલમ હેઠળ પુરવણી બીલ આપવામાં આવેલ છે.

૨.૩ ગ્રાહક દવારા આપવામાં આવેલ અરજીના અનુસંધાને તેમને લાઠી પેટા વિભાગીય કચેરી દવારા પત્ર નં.૫૨૬૬ તા.૧૩.૦૭.૧૯ અને ૫૨૬૭ તા.૧૩.૦૮.૧૯ થી ગ્રાહકને ૧૨૬ હેઠળ આપવામાં આવેલ પુરવણી બીલ અંગે તેમને સાંભળવા માટે તા.૨૨.૦૮.૧૯ આપવામાં આવેલ છે. સદર તારીખે તેમની રજુઆતોને સાંભળીને કંપનીના નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

૨.૪ આમ ૧૨૬ હેઠળ આપવામાં આવેલ પુરવણી બીલ અંગે સદર ગ્રાહકની રજુઆતોને સાંભળીને કંપનીના નિયમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

☞ **<u>ફોરમનું તારણ</u> :–** વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર અશોકભાઈ જેઠાભાઈ ભાદાણી ગામ : શેખ પીપરીયા, તા.લાઠીમાં RGPR કેટેગરીમાં ઘરવપરાશ માટેનાં વીજજોડાણ ગ્રાહક નં.૮૩૩૫૫/૦૦૩૮૭/૫ અને ગ્રાહક નં.૮૩૩૫૫/૦૦૨૮૧/૦ થી ધરાવે છે.

૩.૨ પ્રતિવાદીની ચેકીગ ટીમ દવારા વાદીનાં વીજજોડાણની તા.૨૫.૦૬.૧૯ ના રોજ ચેકીગ શીટ ભરવામાં આવેલ. ચેકીગમાં પ્રતિવાદીને જણાયેલ કે વાદી તેમના ઘરવપરાશનાં વીજભાર સાથે કોમર્શિયલ લોડ વાપરે છે. તેમજ વાદીનાં જણાવ્યા મુજબ તેઓએ અમરેલી શહેરમાં લાકડાનાં ફર્નિચરની દુકાન ધરાવે છે તેથી તેઓનાં શેખપીપરીયા ગામે ઘરની સાથેના બીજા રૂમમાં લાકડાનું ફર્નિચર રાખવામાં આવે છે અને નાનું મોટું ફર્નિચર અંગેનું કામ કરે છે.

૩.૩ પ્રતિવાદીએ તા.૨૫.૦૬.૧૯ ના રોજ ચેકીગ રીપોર્ટના આધારે વાદીને ભારતીય વીજધારા ૨૦૦૩ ના સેકશન ૧૨૬ મુજબ કામચલાઉ પુરવણી બીલ આપેલ છે, જે અંગે વાદીએ ફોરમને રજુઆત કરેલ છે.



Consumer Grievances Redressal Forum P.G.V.C.L Bhavnagar.

૩.૪ પ્રતિવાદીએ વાદીને ભારતીય વીજધારા ૨૦૦૩ ના સેકશન ૧૨૬ હેઠળ બીલ આપેલ હોય, જી.ઈ.આર.સી. નાં નોટીફીકેશન નં.૨/૨૦૧૧ ના કલોઝ નં.૨.૩૦(.૨.) મુજબ વાદી ફોરમને રજુઆત કરવા હકકદાર રહેતો નથી, પરંતુ કેસની વિગતો જોતાં તેમજ ટેરીફ શેડયુલનાં કલોઝ નં.૨(૨.૪) મુજબ RGPR ટેરીફ કેટેગરીનાં વીજજોડાણ માટે મીનીમમ બીલ હેઠળ

**2.4 Minimum Bill:-**

**Payment of fixed charges as specified in 2.1 above...**

**Note : If the part of the residential premises is used for non-residential (commercial) purposes by the consumers located within 'Gram Panchayat' as definded in Gujarat Panchayat Act, entire consumption will be charged under this tariff."**

૩.૫ વાદી તેઓનું વીજજોડાણ RGPR ટેરીફ કેટેગરી માં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ધરાવે છે જે વીજજોડાણ પ્રતિવાદી દવારા આપવામાં આવેલ છે.

૩.૬ ઉપરોકત તારણ નં.૩.૪ અને ૩.૫ ને ઘ્યાનમાં રાખતાં પ્રતિવાદીએ મૂળભૂત રીતે વાદીને સેકશન ૧૨૬ હેઠળ ખોટી રીતે પુરવણી બીલ રૂા.૪૩,૭૯૦.૨૬ તેમજ રૂા.૩૫,૮૫૪.૮૮ નું આપેલ છે, જે પ્રતિવાદીએ ખરેખર આપવાપાત્ર થતું ન હતું, આથી વાદીને આપવામાં આવેલ બન્ને બીલ રદ કરવાં.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી. એમ. આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ:– ૧૪.૦૮.૨૦૧૯

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.